ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 24th July, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................., ભાવનગર.

### લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાશે જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર

જીલ્લાની તમામ ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને ભાગ લેવા DPEO અને DEO દ્વારા જણાવાયુ છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમોં દ્વારા કાર્યરત છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા દર વર્ષે પ્રથમ જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગ રૂપે નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૧૭નું આયોજન પ્રથમ જીલ્લા કક્ષાએ ત્યારબાદ રાજ્ય કક્ષાએ થનાર છે. ભાવનગર જીલ્લામાં આ જીલ્લા કક્ષાના સેમિનારનું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ઓગસ્ટ મહિનાના પ્રથમ સપ્તાહમાં <u>સ્વચ્છ ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંભવિત ભૂમિકા અને પડકારો</u> (Swachh Bharat: Role of S&T Promises & Challenges.) વિષયને આધારે કરવામાં આવનાર છે. જેમાં ઉચત્તર પ્રાથમિક શાળામાંથી ધોરણ ૮નો (૧) એક વિધાર્થી અને માધ્યમિક શાળામાં ધોરણ ૯ કે ૧૦ માંથી કોઈ એક (૧) વિદ્યાર્થી ભાગ લઇ શકશે.

આ જીલ્લા કક્ષાના સાયન સેમિનારમાં ભાગલેવા ઈચ્છતી શાળાએ શાળાના લેટર હેડ પર ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ અને ધોરણ તથા માર્ગદર્શક શિક્ષકનું નામ, ફોન નંબર વગેરેની વિગતોની ખરાઈ કરી આચાર્યના સહી / સિક્કા સાથેની વિગતો લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, પંજાબ નેશનલ બેંક વાળો ખાંચો, સંસ્કાર મંડળ, ભાવનગર ખાતે ફોન (૦૨૭૮ ૨૫૭૦૧૧૧-110), ઈ-મેઈલ (krcscbvn@gmail.com), Whatsapp (9979707221) દ્વારા તાકીદે નોધણી કરવા લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન દ્વારા જણાવ્યું છે.

24.7.17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.